R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

YEAR-28 • ISSUE: 11 DATE: 16-03-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/-

## ફ્રાંસ અને અમેરિકાએ સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં મસુદને વૈશ્વિક આતંકી ઘોષિત કરવાનો પ્રસ્તાવ ચીને વીટો વાપરી ઉડાડી દીધો

સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં મસુદ અઝહરને વૈશ્વિક આતંકી ઘોષિત કરવાના પ્રયાસો પર ચીને ફરી એક વાર પાણી ફેરવી દીધું હતું. સુરક્ષા પરિષદમાં યુકે,ફ્રાંસ અને અમેરિકા દ્વારા મુકવામાં આવેલા પ્રસ્તાવને ચીને વીટો વાપરીને ઉડાડી દેતાં ભારતને વધુ એક વાર ફટકો પડ્યો છે.ભારતના વિદેશ મંત્રાલયે ચીનના આ વલણ સામે નારાજગી દર્શાવી કહ્યુ છે કે આ ઘટનાક્રમ ચિંતાજનક છે.ચીને છેક ૨૦૦૯થી સુરક્ષા પરિષદમાં મસુદ અઝહર સામેની દરખાસ્તને રોકી રાખી છે અને એ રીતે ભારતના પ્રયાસો અટકાવી દીધા છે.કાશ્મીરમાં પુલવામાં માં આતંકી હુમલા પછી સુરક્ષા પરિષદના ૧૨૬૭ અલ કાયદા અંતગર્ત આ દરખાસ્ત ફ્રાંસ,યુકે અને અમેરિકાએ ૨૭મી ફેબ્રુઆરીએ પાસ કરી હતી.જો કે ફરીએક વાર તેનું વલણ બદલ્યું નહોતું.

દરમિયાન અમેરિકાએ કહ્યુ છે કે જૈસ-એ-મોહમંદ આતંકી સંગઠનનો વડો મસુદ અઝહર વૈશ્વિક આતંકવાદી જાહેર કરવા માટેના તમામ માપદંડમાં ફીટ બેસે છે. અને જો તેને આતંકી જાહેર ન કરાય તો તે પ્રાદેશિક સ્થિરતા અને શાંતિની વિરુધ્ધ છે.૫૦ વર્ષીય મસુદે ભારતમાં અનેક આતંકી હુમલા કરાવ્યા છે. અને તે સંસદમાં, પઠાણકોટ,એરફોર્સ બેઝ, જમ્મુ અને ઉરીમાં આર્મી કેમ્પ અને પુલવામામાં સીઆરપીએફ પર આત્મઘાતી હુમલામાં પણ સામેલ હતો. પુલવામાંમાં ૧૪ ફેબ્રુઆરીએ કરાયેલા હુમલા બાદ યુએનએસસીના ત્રણ કાયમી સભ્યો, અમેરિકા,બ્રિટન,ફ્રાંસે મસુદને વૈશ્વિક આતંકી જાહેર કરવા માટે એક ઠરાવ બહાર પાડ્યો હતો.જો કે આ ત્રણ દેશોએ અગાઉ પણ મસુદને વૈશ્વિક આતંકી જાહેર કરવા માટે અનેક પ્રયાસો કર્યા હતા. પરંતુ પાકિસ્તાનના સાથી દેશ ચીને વીટો વાપરીને તેને ખાળ્યાહતા. અજહરને વૈશ્વિક આતંકી જાહેર કરી શકાય તે માટે પુરતા પુરાવા નથી ચીન તેવું રટણ સતત કરી રહ્યું છે.પણ તે જ નીતિ અમલમાં મુકે તેવી શક્યતા છે. જો કે આ વખતે પુલવામાં હુમલા બાદ જે રીતે વૈશ્વિક દબાણ વધ્યુ છે તે જોતાં ચીન તેનું વલણ બદલી શકે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલમાં વદી રહેલી તંગદીલીને જોતાં અમેરિકા,બ્રિટન અને ફ્રાંસને આશા છે કે ચીન આ મામલે બુધ્ધીપુર્વક વર્તશે અને તે આ વખતે અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવાનો વિરોધ નહીં કરે.

યુએન કાઉન્સીલના મહત્વના નિર્ણયના દિવસની પુર્વસંધ્યાએ ટ્રમ્પ વહીવટીતંત્રે સ્પષ્ટતા કરી છે કે અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવા માટે પુરતા પુરાવા છે.

વિદેશ વિભાગના નાયબ પ્રવક્તા રોબર્ટ પલ્લાડીનોએ કહ્યુ હતું કે અઝહર જૈશનો સ્થાપક અને નેતા છે.યુએન દ્વારા તેને વૈશ્વિક આતંકી જાહેર કરવા માટેના માપદડોને અનુરુપ છે.

## ચુંટણી ટાણે આયારામ-ગયારામ સામે ભાજપને સાવધાનીથી વર્તવા શિવસેનાની સલાહ

લોકસભા ચુંટણી પહેલાં ભાજપ કોગ્રેસ સહિત વિપક્ષી દળોના કેટલાક નેતાઓ પોતાના પક્ષમાં સામેલ કરી રહી છે.આ બાબતને ધ્યાને રાખીને એનડીએની સહયોગી શિવસેનાએ ભાજપને સલાહ આપી છે. શિવસેનાએ કહ્યુ હતું કે વિપક્ષી દળોના નેતાઓને પાતની પાર્ટીમાં સામેલ કરતી વેળાએ સાવધાન રહો, અન્યથા ભવિષ્યમાં આના કારણે સમસ્યા પેદા થશે. શિવસેનાએ સલાહ આપતાં કહ્યુ હતું કે મહારાષ્ટ્ર કોગ્રેસના વરિષ્ઠ નેતા રાધાકૃષ્ણ વિખે પાટીલના પુત્રને ભાજપમાં સામેલ કર્યા બાદ આપી છે. આ સિવાય શિવસેનાએ વિપક્ષ પર નિશાન સાધીને વડાપ્રધાન મોદીના તાજેતરના બ્લોગ પોસ્ટનો ઉલ્લેખ કર્યો હતો.જેમાં આરોપ લગાવ્યો હતો કે કોગ્રેસ અને ભ્રષ્ટાચાર પર્યાવવાચી છે.શિવસેનાએ પોતાના મુખપત્ર સામનાનાએક તંત્રીલેખમાં કહ્યુ કે કોગ્રેસ અને એનસીપીના નેતા આવવાથી આજે ફાયદાકારક લાગી શકે છે. પરંતુ ભવિષ્યમાં સમસ્યા પેદા થઈ શકે છે. અમારો અનુભવ આ જ કરે છે. લોકો આજે આવી રહ્યા છે કારણકે સત્તા છે. જ્યારે કશું ય નહીં હોય ત્યારે એ અન્ય લોકો સાથે જોડાશે. શિવસેનાએ કહ્યુ હતુંકે રાધાકૃષ્ણ પાટીલ શિવસેનાના સભ્ય હતા અને શિવસેનાએ એમને અને એમના પિતાને રાજ્ય અને કેન્દ્રમાં મંત્રી બનાવ્યા પરંતુ સરકાર સત્તામાં બહાર આવી ગઈ તો એ એમારી વિરુધ્ધમાં આવી ગયા.



**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## વડાપ્રધાન પદની રેસમાં હું નથી : મારો મંત્ર અથાગ પરિશ્રમ કરવાનો છે : નીતિન ગડકરી



કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યુ હતું કે વડાપ્રધાન પદના ઉમેદવાર બનવાની તેમની કોઇ મહત્વાકાંક્ષા નથી કે એવી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ની કોઈપણ યોજના નથી.આગામી લોકસભા ચુંટણીમાં ખંડિત જનાદેશ આવવાની સ્થિતિમાં ભાજપ દ્વારા ગડકરીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રજુ કરવા અંગેની અટકળો વચ્ચે પાર્ટીના વરિષ્ઠ નેતાએ કહ્યુ હતું કે તેઓ પીએમ પદની રેસમાં નથી.તેમણે ભાર પુર્વક કહ્યુ હતું કે તેમનો મંત્ર અથાક કામ કરવાનો છે. ગડકરીએ કહ્યુ હતું કે મે રાજનીતિ કે કામમાં કોઈ હિસાબકિતાબ કર્યો નથી.ક્યારેય કોઈ લક્ષ પણ નક્કી કર્યું નથી. હું રસ્તો ચાલે તેમ ચાલું છું. જે કામ જોયું તે કરતો ગયો છું. હું મારા દેશ માટે સર્વશ્રેષ્ઠ કામ કરવામાં વિશ્વાસ રાખું છું. ભાજપ તરફથી મને વડાપ્રધાન પદના ઉમેદવાર બનાવવા અંગેની અટકળોને નકારતાં ગડકરીએ કહ્યુ હતું કે તેમના મગજમાં એવો કોઈ વિચાર નથી કે સંઘની પણ એવી કોઈ ઈચ્છા નથી. અમારા માટે દે સૌથી ઉપર છે. તેમણે કહ્યુ હતું કે હું સપના જોતો નથી. હુંકોઈની પાસે જતો નથી અને કોઈનું લોબિંગ કરતો નથી.

## અઝીઝ પ્રેમજીએ રુ.૧.૪૫ લાખ કરોડનું દાન કર્યું

આઈટી સેકટરના અગ્રણી અઝીઝ પ્રેમજીએ વિપ્રોના ૫૨,૭૫૦ કરોડ રુપિયાના મુલ્યના શેર પેટે મળેલો લાભ એટલે કે ૩૪ ટકા હિસ્સો તેમના સેવાકીય પ્રવૃત્તિ કરતાં ટ્રસ્ટને આપી દીધો છે.અઝીઝ પ્રેમજી ફાઉન્ડેશનની વિવિધ સેવાકીય પ્રવૃત્તિ માટે તેમણે આપેલા ફંડની રકમ રુ.૧.૪૫ લાખ કરોડ થઈ ગઈ છે.તેમાં વિપ્રો લી.ની માલીકીના ૬૭ ટકાનો પણ સમાવેશ થાય છે.

વિપ્રોના અઝીઝ પ્રેમજી પોતે અઝીઝ પ્રેમજી ફાઉન્ડેશનના ચેરમેન છે.તેમણે જાહેરાત કરતાં કહ્યુહતું કે ફિલેન્થ્રોપી એટલે કે સેવાકીય પ્રવૃત્તિ માટે તેમની વચનબધ્ધતા વધી છે. તેઓ પોતાની વ્યક્તિગત આવકમાંથી વધુ રકમ આવી પ્રવૃત્તિ માટે આપશે.વિપ્રોના શેરના વર્તમાન ભાવને ધ્યાનમાં લેતાં ૩૪ ટકા હિસ્સો એટલે રુ.૫૨૭૫૦ કરોડ જેવી જંગી રકમ થાય છે. તેમણે આ રકમ દાનમાં આપી દીધી છે.

અઝીઝ પ્રેમજી ફાઉન્ડેશન દેશમાં શિક્ષણ ક્ષેત્રે કાર્ય કરે છે અને અન્ય નોન-પ્રોફીટ ઓર્ગેનાઈઝેશનને પણ નાણાંકીય ગ્રાન્ટ આપીને મદદ કરે છે.અઝીઝ પ્રેમજી ફાઉન્ડેશને બેગલુરમાં અઝીઝ પ્રેમજી યુની.પણ સ્થાપના કરી છે.ફાઉન્ડેશન અનેક રાજ્ય સરકારો સાથે મલીને પણ કામ કરે છે.હાલમાં તે કર્ણાટક,તેલંગાણા,ઉત્તરાખંડ,રાજસ્થાન, છત્તીસગઢ,પોંડીચરી,મધ્યપ્રદેશ અને ઈશાનના રાજ્યોમાં કામ કરે છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

ભાજપને આગામી લોકસભા ચુંટણી અંગે ચેતવણી આપતાં તેનાજ સાથી પક્ષ શિવસેનાએ કહ્યુ છે કે ભાજપે હવે અગાઉ ૨૦૧૪ની સામાન્ય ચુંટણીઓ વખતે આપેલા વચનો વિશેના સવાલોનો સામનો કરવા તૈયાર રહેવું જોઈએ. શિવસેનાએ કહ્યુ હતું કે ભાજપે ૨૦૧૪માં કાશ્મીર ખીણમાં શાંતિ અને અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ વિશેના આપેલા વચનો અંગે લોકોના મનમાં જે સવાલો છે તેનો સામનો કેવી રીતે કરવો તે માટે તૈયાર રહેવુ પડશે.પાર્ટીએ વડાપ્રધાનના રેડિયો કાર્યક્રમનો સંદર્ભ આપતાં કહ્યુ હતું કે અત્યાર સુધી તે પોતાની મનકી બાત કહેતા હતા પણ ૨૩ મે ના રોજ લોકોની મન કી બાત સામે આવશે. ચુંટણી પંચના હિસાબે લોકસભા ચુંટણી ૧૧ એપ્રિલથી ૧૯ મે સુધી સાત તબક્કામાં સંપન્ન થશે અને મત ગણતરી ૨૩ મે ના રોજ થવાની છે. શિવસેનાએ પોતાના મુખપત્ર સામનામાં કહ્યુ છે કે ઈતિહાસ સાક્ષી છે કે લોકોને લાંબા સમય સુધી મુર્ખ ન બનાવી શકાય.લોકો પાસે સવાલો છે અને તેઓ મતપેટીઓ દ્વારા જવાબ માંગતા હોય છે.

૨૦૧૯ની ચુંટણીઓની તૈયારી પુરજોશમાં શરુ કરવામાં આવી છે.સત્તારુઢ પાર્ટી પોતાના જીતના જશ્ન અત્યારથી જ મનાવી રહી છે. વડાપ્રધાન એડીચોટીનું જોર લગાવીને જાહેર સભાઓમાં કહેતા હોય છે કે તેઓજ ફરીથી વડાપ્રધાન બનવાના છે.તેમને કોઈ હરાવી શકશે નહીં.ભાજપે ઉમેદવારોની પસંદગીમાં નવા ચહેરાને પસંદ કરવાનો પ્રયત્ન કર્યો છે.જુના જોગીઓને હવે કદાચ લોકસભાની સીટ પર સ્થાન નહીં મળે.ભાજપના સીનીયર મોસ્ટ નેતાઓ આ વખતે ચુંટણીમાં લગભગ નહી હોય તેવું મનાઈ રહ્યુ છે.માત્ર એક બે નેતાઓની આણ સ્વીકારી શકે તેવા નવા ઉબરી રહેલાઓને ટીકીટ મળી જવાનો સંભવ છે.કોગ્રેસે હવે નવી નેતાગીરી ઉભી કરવા પ્રયત્ન કરવો પડશે.જુની નેતાગીરીમાં હવે એટલો દમ રહ્યો નથી કે પાર્ટીને જુના વર્ચસ્વ પ્રમાણે જીત અપાવી શકે. કેટલાકે તો પાર્ટી છોડીને ભાજપનો છેડો પકડી લીધો છે.જો કે શિવસેનાએ અન્ય પાર્ટી છોડીને ભાજપનો છેડો પકડનારાઓ સામે આક્રોશ વ્યક્ત કર્યો છે.

ભ્રષ્ટાચાર કેન્સરની જેમ પ્રસરી રહ્યો છે તેવું મદ્રાસ હાઈકોર્ટે કહ્યુ છે.તેમના કહેવા મુજબ આપણા દેશમાં ભ્રષ્ટાચાર કેન્સરની જેમ ફેલાઈ રહ્યો છે.હાઈકોર્ટે તામિલનાડુના વિજિલન્સ અધિકારીઓને એ ઓફીસોમાં સમયાંતરે દરોડા પાડવાનું કહ્યુ જ્યાં આરોપ છે કે કાનુની ઉત્તરાધિકારી પ્રમાણપત્ર જેવા દસ્તાવેજો આપતી વખતે લાંચ માંગવામાં આવે છે.જસ્ટીસ એસએમ સુબ્રમણ્યમે કહ્યુ કે સરકારી કર્મચારી અને સરકારી કચેરીમાં થતા ભ્રષ્ટાચારના કારણે સામાન્ય લોકો નિરાશ છે. કોર્ટ સહિત તમામ ઉચ્ચ અધિકારીઓએ વર્તમાન સ્થિતિને ગંભીરતાથી લેવી જોઈએ અને યોગ્ય રીતે મામલાઓનો ઉકેલ લાવવા જોઈએ.

સમગ્ર દેશમાં ભ્રષ્ટાચાર એટલી હદે વ્યાપક સ્વરુપે છે જેને આપણે જોઈને આંખો બંધ કરીને આગળ વધી જઈએ છીએ.ક્યાંક આપણે પણ તેમાં સામેલ થઈ જઈએ છીએ.ટ્રાફિકના કેસો કરતાં પોલીસ વિભાગના કર્મચારીઓ સરેઆમ રોડ પર કટકી કરતાં જોવા મળે છે.આપણે પણ તેમાં સામેલ થઈએ છીએ.સરકારની તમામ કચેરીઓમાં કોઈપણ કામ ભ્રષ્ટાચાર વગર થતું નથી.જેથી ભ્રષ્ટાચાર મુક્ત ભારતની કલ્પનાની વાતો કરવી તે રેતીમાં વહાણ ચલાવવા બરાબર છે. તમે જોરશોરથી એ વાતો કરો ત્યારે તે સારી લાગે છે પરંતુ જ્યારે હકીકતમાં તે શક્ય નથી.જો તમે ભ્રષ્ટાચારના ચક્કરમાં સામેલ થતાં નથી તો તમે કાયદેસરના તમારા તમામ અધિકારો ગુમાવો છે.

## જાણવા જેવું

૧૯૯૮માં એક ફાઉન્ટેન પેનની હરાજી થઈ અને આ પેનના ૨૧ કરોડ ૮લાખ રૂપીયા ઉપજ્યા હતા. આ પેનમાં રૂબિ,સેફાયસ વિગેરે કીમતી પથ્થરો જડવામાં આવ્યા હતા અને તે એક નહી પુરા ૬૦૦.ફ્રેન્ચ કંપની રીડીન દ્વારા તે બનાવવામાં આવી હતી.આ પેનને બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો.

છછુંદર એક રાતમાં ૩૦૦ ફુટ ઉંડો ખાડો ખોદી શકે છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# પાકિસ્તાને આતંકીઓ સામે ગંભીરતાથી કાર્યવાહી કરી નથી : ન્યુયોર્ક ટાઇમ્સ

અમેરિકાના અખબાર ન્યુયોર્ક ટાઈમ્સે કહ્યુ છે કે પાકિસ્તાને ભારત પર હુમલા કરનારા આતંકવાદી જુથો પર ક્યારેય ગંભીરતાથી કાર્યવાહી કરી નથી.અખબારે પોતાના લેખ 'પિસ ઈઝ વ્હેર એ ન્યક્લિયર એક્સચેન્જ ઈઝ મોસ્ટ લાઈકલી(ઈટ્સ નોટ નોર્થ કોરીયા)'માં લખ્યુ છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણું યુધ્ધનું જોખમ યથાવત છે. અને તેનો લાંબાગાળાનો ઉકેલ આંતરરાષ્ટ્રીય દબાણ વિના શક્ય નથી. દરમિયાન અમેરિકન વિદેશ મંત્રાલયે ફરી એકવાર ભારતમાં પુલવામાં એટેક મામલે પાકિસ્તાનને આતંકી જુથો વિરુધ્ધ કાર્યવાહી કરવા કહ્યુ છે. અમેરિકાએ કહ્યુ છે કે પાકિસ્તાન આતંકવાદી સંગઠનો વિરુધ્ધ કાયમી અને સતત કાર્યવાહી કરે.

ન્યુયોર્ક ટાઈમ્સના અનુસાર ભારત અને પાકિસ્તાન વચ્ચે ગત સપ્તાહે સબંધોમાં જે તંગદીલી વ્યાપી હતી અને જ્યારે જ્યારે બંને દેશોએ પોતાના મુખ્ય મુદ્દે એટલે કે કાશ્મીર અંગે સમાધાનનો ઈન્કાર કર્યો છે ત્યારે ત્યારે તેઓને મોટું નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.ન્યુયોર્ક ટાઈમ્સે લખ્યું છે કે હવે પછી આ પ્રકારના તણાવનો ઉકેલ શાંતિ પુર્ણ રીતે નહીં આવે.ન્યુયોર્ક ટાઈમ્સે લખ્યું છે કે પાક અધિકારીના કહેવા પ્રમાણે તેમણે જૈશ એ મોહમ્મદના વડા મસુદ અઝહરના ભાઈ સહિત વિવિધ આતંકી જુથોના ૧૨૧ સભ્યોને કસ્ટડીમાં લીધા છે. અને યુએનની આતંકીઓની યાદીમાં સામેલ આંતકીઓની સંપત્તિ જપ્ત કરવાની યોજના બનાવી છે.પણ પાકિસ્તાને ભાગ્યે જ આવા વચનો નિભાવ્યા છે.દરમિયાન અમેરિકાએ ફરી એકવાર પાકિસ્તાનને કહ્યુ છે કે તે આતંકવાદી સંગઠનો વિરુધ્ધ આકરી કાર્યવાહી કરે.અમેરિકન વિદેશ મંત્રાલયે કહ્યુ હતું કે અમે પાકિસ્તાનને કહ્યું છે કે તે પાતની ભુમિ પર આશ્રય પામી રહેલા આતંકી સંગઠનો વિરુધ્ધ કાયમી અને સતત કાર્યવાહી કરે. પાકિસ્તાન પુલવામાં એટેક પછી વૈશ્વિક દબાણ હેઠળ છે ત્યારે અમેરિકન વિદેશ મંત્રાલયના ઉપપ્રવક્તા રોબર્ટ પલાડિનોનું આ નિવેદન આવ્યું છે.

# રફાલ સોદાની ફાઇલો ચોરાઇ ગયાનું કોર્ટને સરકાર દ્વારા કહેવામાં આવ્યુ હવે પલ્ટી મારતાં કહ્યુ દસ્તાવેજો ચોરાયા નથી પરંતુ તેની ઝેરોક્ષ થઇ છે



રફાલ સોદામાં સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણી દરમિયાન આ અંગેના દસ્તાવેજો ચોરાઈ ગયા છે તેવું કહેનારા કેન્દ્ર સરકારના એટર્ની જનરલ એક દિવસ પછી પલ્ટી મારતાં કહ્યુ હતું કે દસ્તાવેજો ચોરાયા નથી પરંતુ તેની ઝેરોક્ષનો ઉપયોગ થયો છે.સંરક્ષણ મંત્રાલયમાંથી દસ્તાવેજોની ચોરી થઈ છે અને પીટીશનરોએ તેનો ઉપયોગ કર્યો છે તેથી તેમને ચોર સાબિત કરવા મથતી સરકાર ફરી પાછી જુઠના પેતરા પર ઉતરી પડી.કેન્દ્રીય મંત્રીમંડળના અનેક લોકો આ મામલે જુદા જુદા નિવેદનો આપી ચુક્યા છે. આ દસ્તાવેજો નકલી છે ખોટા છે બનાવટી છે વિગેરે નિવેદનો કર્યા પછી ચોરાઈ ગયા છે અને હવે તેની ઝેરોક્ષ કરવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટમાં સરકાર વતીથી કેસ સંભાળતાં વકીલોમાં એટર્ની જનરલ જેવા સીનીયર વકીલો આવી દલીલો કરી અને પાછી ફેર બદલ કરે અને તેમનું જુઠ પકડાઈ જાય ત્યારે તેમને કેટલી શરમ મહેસુસ કરવી પડતી હશે તેની કોઈ કિંમત આંકી શકાય નહી. પરંતુ જે લોકો આ કરાવે છે તે કાયદા વિભાગ કે તેના ઉચ્ચ સ્તરીય પર બેઠેલા લોકો આવી નિમ્ન કક્ષાની રજુઆત કરીને ભાજપ ને સરકાર બેઉને બેઆબરુ કરે છે.આ પહેલા રફાલ કેસમાં બે જબરજસ્ત ખોટી રજુઆત કરીને સુપ્રીમ કોર્ટને ગેરમાર્ગે દોરવામાં આવી હતી તેનાથી સહુ કોઈ વાકેફ છે.સીએજી રીપોર્ટ અને સંસદમાં પેશ થઈ ચુક્યો છે જેવી વાતો રજુ કરીને સુપ્રીમ કોર્ટે ગેરમાર્ગે દોરી હતી.એક ખોટુ છુપાવવા માટે અનેક જુઠી બાબતો ઉભી કરવી એને પરિણામે સત્ય સાબિત થઈ શકતું નથી ઉપરથી વધુ ફસાતા જવાય છે.

જ્યારે વેણું ગોપાલે સુપ્રીમ કોર્ટમાં રફાલ યુધ્ધ વિમાનોના સોદા અંગેના દસ્તાવેજો સંરક્ષણ મંત્રાલયમાંથી ચોરાયા છે એવું કહેતા રાજકીય હોબાળો મચી ગયો હતો.કોગ્રેસ પ્રમુખે કહ્યુ હતું કે આવા સંવેદનશીલ દસ્તાવેજોની ચોરી બાબતે ક્રિમિનલ ઈન્વેસ્ટી ગેશન થવું જોઈએ તેવી માંગ કરી હતી.ત્યારબાદ ડેમેજ કંન્ટ્રોલના ભાગ રુપે સરકારે બચાવમાં દસ્તાવેજો ચોરાયા નથી પરંતુ તેની ઝેરોક્ષ થઈ છે અને તેનો ઉપયોગ કરાયો છે તેવી રજુઆત કરી હતી.હવે સરકારે હિન્દુ અખબારને ઓફિશ્યલ સિક્રેટ એક્ટ અંતગર્ત કેસમાં સંડોવશે




વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો


# પેટ્રોલ પંપ પર ચુકવાયેલી નોટોનો કોઇ આંકડો નથી

આરબીઆઈએ કહ્યુ છે કે નોટબંધી દરમિયાન પેટ્રોલ પંપ,રેલ્વે સ્ટેશન પર ટિકીટ અને વીજળી-પાણી વગેરેના બિલોની ચુકવણીમાં લોકોએ ઉપયોગમાં લીધેલી રુ.૫૦૦ અને રુ.૧૦૦૦નીરદ નોટો વિશે તેમની પાસે કોઈ આંકડો નથી.નોટબંધીની જાહેરાત બાદ લોકોને સરળતા મળે માટે સરકારે ૨૩ સેવાઓના બિલોની ચુકવણીમાં રદ કરાયેલી નોટોનો ઉપયોગ કરવાની છુટ આપી હતી.એવું મનાય છે કે આ પેમેન્ટ્સ દ્વારા રદ ચલણી નોટો મોટી સંખ્યામાં ફરી બેન્કોમાં પરત આવી હતી.આરબીઆઈએ એમ પણ કહ્યુ હતું કે તેની પાસે વીમા પોલીસી જેવા કેવાયસીને અનુરુપ ઉત્પાદનો ખરીદવામાં ઉપયોગમાં લેવાયેલી જુની નોટોની સંખ્યાની જાણકારી નથી.આરબીઆઈએ આરટીઆઈનો બેક ભાગ વીમા નિયામક ઈરડાને પણ મોકલ્યો છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

# અયોધ્યા વિવાદ હવે મધ્યસ્થીઓથી ઉકેલાશે : આ મુદ્દે સુપ્રીમે ત્રણ સભ્યોની પેનલની રચના કરી :લોકસભાની ચુંટણી પછી કેસ ધ્યાનમાં લેવાશે

સુપ્રીમ કોર્ટે અયોધ્યામાં રામ મંદિર નિર્માણ-બાબરી મસ્જીદ જમીન મામલે મધ્યસ્થી મારફતે ઉકેલનો માર્ગ અપનાવ્યો છે.આ માટે ત્રણ વ્યક્તિઓની પેનલની રચના કરી છે.પાંચ જજોની બંધારણીય બેન્ચે પુર્વ જસ્ટીસ ઈબ્રાહીમ કલીફુલ્લા, આર્ટ ઓફ લીવીંગના શ્રી શ્રી રવિશંકર, અને વરિષ્ઠ વકીલ શ્રી રામ પંચુની પેનલ બનાવી છે. અયોધ્યામાં શરુ થનારી મધ્યસ્થીની કાર્યવાહીના મીડીયા રિપોર્ટીંગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.મધ્યસ્થ પેનલની કાર્યવાહી એક અઠવાડીયામાં શરુ થશે અને સુપ્રીમે આઠ અઠવાડીયામાં પોતાના રીપોર્ટ સોપવા પેનલને કહ્યુ છે. આમ હવે અયોધ્યામાં રામ મંદિરનો મુદ્દો લોકસભાની ચુંટણી પછી આવશે.

સુપ્રીમે મુસ્લીમ અને હિન્દુ પક્ષકારો વચ્ચે વાતચીત થકી વિવાદનો ઉકેલ લાવવાનો આદેશ કર્યો છે. ઉલ્લેખનીય છે કે છઠ્ઠી ફેબ્રુઆરીએ મધ્યસ્થતા પર સુપ્રીમ કોર્ટમાં દોઢ કલાક સુધી સુનાવણી થઇ હતી.અને બંન્ને પક્ષોએ કોર્ટમાં પોતાની દલીલો રજુ કરી હતી.એ પછી સુપ્રીમે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો.પરંતુ કોર્ટના ચુકાદાથી સ્પષ્ટ થઇ ગયું છે કે હવે અયોધ્યા કેસમાં કોર્ટ નિર્ણય નહીં આપે અને તેનો ઉકેલ મધ્યસ્થતા થકી આવશે.

મુખ્ય ન્યાયમુર્તિ રંજન ગોગોઇના અધ્યક્ષપદ ધરાવતી પાંચ સભ્યોની બંધારણીય બેન્ચે પોતાના આદેશમાં કહ્યુ કે મધ્યસ્થતા માટે રચાયેલી સમિતિના અન્ય સભ્યો આધ્યાત્મિક ગુરુ અને આર્ટ ઓફ લીવીંગના સંસ્થાપક શ્રી શ્રી રવિશંકર અને પ્રખ્યાત મધ્યસ્થ વરિષ્ઠ વકીલ શ્રી પંચુ સામેલ છે. જો કે જાણવાની વાત એ છે કે સુપ્રીમે નીમેલા ત્રણેય સભ્યો તામિલનાડુ ના છે જ્યાં અયોધ્યા વિવાદનો કોઇ ખાસ પડઘો પડે તેમ નથી. બેન્ચના અન્ય સભ્યોમાં જસ્ટીસ એસ એ બોબડે,જસ્ટીસ ધનંજય ચંદ્રચુડ,જસ્ટીસ અશોક ભુષણ, અને જસ્ટીસ એસ. અબ્દુલ નઝીર સામેલ છે. બેન્ચે નિર્દેષ કર્યો છે કે મધ્યસ્થતા સમિતિ પોતાની કાર્યવાહીની સ્ટેટસ રિપોર્ટ ચાર અઠવાડીયામાં કોર્ટને આપશે.કોર્ટે કહ્યુ છે કે મધ્યસ્થતાની પક્રિયાની સફળતા સુનિશ્ચિત કરવા માટે તેની કાર્યવાહી બંધ રુમમાં થશે. અને આઠ અઠવાડીયામાં તે પુર્ણ કરવાની રહેશે. આ ગાળામાં કોર્ટે અયોધ્યા કેસમાં મુખ્ય પક્ષકારોના મૌખિક અને દસ્તાવેજી પુરાવાના અનુવાદનું અવલોકન કરવાની મંજુરી આપી છે.

બેન્ચે કહ્યુ હતું કે આથી અમે એવો આદેશ કરીએ છીએ અને પક્ષકારો દ્વારા બતાવવામાં આવેલા નામોને ધ્યાનમાં રાખીને મધ્યસ્થતા માટે જસ્ટીસ(સેવા નિવૃત)ક ફકીર મોહમંદ ઈબ્રાહીમ કલીફુલ્લાને અધ્યક્ષ અને શ્રી શ્રી રવિશંકર અને વરિષ્ઠ વકીલ શ્રીરામ પંચુને તેના સભ્ય બનાવીએ છીએ.કોર્ટે નિર્દેશ આપ્યો છે કે મધ્યસ્થતાની કાર્યવાહીની સફળતાને સુનિશ્ચિત કરવા માટે તેની કાર્યવાહીમાં સંપુર્ણ ગુપ્તતા હોવી જોઇએ અને મધ્યસ્થ તેમજ પક્ષકારોના વિચાર ગુપ્ત રાખવા જોઇએ. અને કોઇ પણ વ્યક્તિને તેની જાણકારી ન આપવી જોઇએ.બેન્ચે ઉમેર્યુ હતું કે અમારી સલાહ છે કે જ્યાં સુધી મધ્યસ્થતાની કાર્યવાહી ચાલી રહી છે તો કોઇપણ મીડીયા (પ્રિન્ટ કે ઇલેક્ટ્રોનિક્સ)ને તેની કાર્યવાહીનું રિપોર્ટીંગ ન કરવું જોઇએ.બેન્ચે કહ્યુ કે સમિતિ પોતાની ટીમમાં વધુ સભ્યોને સામેલ કરી શકે છે. અને જો કોઇ પ્રકારની મુશ્કેલી આવે છે તો સમિતિના વડા સુપ્રીમ કોર્ટની રજીસ્ટ્રીમાં તે અંગેની જાણ કરશે.કોર્ટે કહ્યુ હતું કે તેનું માનવું છે કે આ મામલો મુળતઃ જમીન સબંધિત નથી પરંતુ ધાર્મિક ભાવનાથી જોડાયેલો છે.

# દેશભક્તિ એક પાર્ટીનો ઇજારો નથીઃ રાજકીય વિરોધીઓને રાષ્ટ્રના વિરોધીઓ ના કહી શકાયઃ શિવસેના

ભાજપની સહયોગી પાર્ટી શિવસેનાએ તેના મુખપત્ર સામનામાં ભાજપની ટીકા કરતાં કહ્યુ હતું કે દેશભક્તિ કોઇ પણ એક પાર્ટીનો ઇજારો નથી.અને ખોટી રીતે લોકોને ફક્ત એટલા માટે રાષ્ટ્વિરોધીઓ કહેવા કે તેઓ રાજકીય વિરોધી છે. એ અભિવ્યક્તિની આઝાદીના હનન સિવાય કશુંજ નથી.

શિવસેનાનું આ નિવેદન હવાઇ હુમલાના રાજનીતીકરણને લઇને ચાલી રહેલાં વિવાદની પૃષ્ઠભુમિમાં આવી છે. ઉદ્દવ ઠાકરેની નેતૃત્વવાળી પાર્ટીએ પોતાના સામના મુખપત્રના સંપાદકીય લેખમાં કહ્યુ કે દેશભક્તિ કોઇ એક પાર્ટીનો ઇજારો નથી.અમને પરેશાની થાય છે કે નેતા એ કેવી રીતે સમજશે કે આ કાર્યવાહી (હવાઇ હુમલા)એમનુ(સૈનિકો)નું કર્તવ્ય હતું.નહીં કે કોઇ કામ કે જે એમને કહેવામાં આવ્યું હોય . શિવસેનાએ દિલ્હી ભાજપના પ્રમુખ મનોજ તિવારી દ્વારા તાજેતરમાં એક રેલીમાં સેનાની વેશભુષા ધારણ કરવાનો આધાર લઇને કહ્યુ કે હવાઇ હુમલાના પુરાવા માંગ જેટલી અયોગ્ય છે એટલુંજ વોટ માટે સેનાની વર્દી પહેરીને તેમની વેશભુષા ધારણ કરનાર લોકોનું આચરણ અયોગ્ય છે.આ સૈનિકો અને એમના શોર્યનું અપમાન છે.શિવસેનાએ એમ પણ કહ્યુ હતું કે ભાજપના નેતા સૈનિકોની વર્દી પહેરે એનાથી વિપક્ષના એ આરોપો મજબુત થાય છે કે ભાજપ હવાઇ હુમલાનો રાજકીય ઉપયોગ કરી રહ્યું છે.શિવસેના વખતો વખત ભાજપની કડવી ટીકા કરી રહ્યું છે.




સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં :૯૯૨૫૨૭૪૧૭૫



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


# વર્તમાન રિઝર્વ બેન્કના ગર્વનર દાસે નોટબંધીને નકામી ગણાવી હતી :આરબીઆઇએ નોટબંધીનો વિરોધ કરતાં સરકારને ચેતવી હતી

2019 લોકસભા ચુંટણી પહેલાં સત્તાધારી ભાજપને નોટબંધી અંગે કોંગ્રેસ સહિતના વિપક્ષોએ અવારનવાર ઘેરી છે.ત્યારે એક આરટીઆઇના જવાબમાં એવો ખુલાસો થયો છે કે ૨૦૧૬માં જ્યારે નોટબંધીની ઘોષણા થઇ ત્યારે વડાપ્રધાન મોદીને ત્યારના આરબીઆઇના કેટલાક ડિરેક્ટર્સે આ નિર્ણય સાથે તેઓ સંમત નથીની જાણકારી આપી હતી. તેમજ આ બાબતે કેટલાક ગંભીર પરિણામો આવી શકે છે તે બાબતે તેમનો સુર વ્યક્ત કર્યો હતો.નોટબંધી અંગે અસમંતિ દર્શાવનારા આરબીઆઇ ડિરેક્ટર્સમાં આરબીઆઇના વર્તમાન ગર્વનર શક્તિકાંત દાસ પણ સામેલ હતા.જેમણે આર્થિક વિકાસમાં સરકારને નકારાત્મક અસરોનો સામનો કરવો પડશે તેવી ગંભીર ચેતવણી આપી હતી. તેમજ કાળા નાંણાને ડામવાના દુષણને ડામવામાં ધારી સફળતા નહીં મળે તેવી પણ વાત કહી હતી. આ ખુલાસો આરટીઆઇ એક્ટિવિસ્ટ વંકેટશ નાયકે કરેલી એક આરટીઆમાં થયો છે.તેમણે કોમનવેલ્થ હ્યુમન રાઇટ્સ ઇનિશિયેટિવની વેબસાઇટ પર નોટબંધી ઘોષિત થયા અગાઉની મીટીંગની મિનિટ્સ પોસ્ટ કરી છે.

૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ વડાપ્રધાન મોદીએ અચાનક ટેલિવિઝન પ ર રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની ચલણી નોટ રદ કરવાની ઘોષણા કરી હતી. એ અગાઉ અઢી કલાક સુધી આરબીઆઇ બોર્ડની મીટીંગ ચાલી હતી. એ સમયે આરબીઆઇના કેટલાક ડિરેક્ટર્સ સરકારના વિચાર સાથે સંમત નહતા.જ્યારે નોટબંધીના એલાન પાછળ સરકારનો હેતુ કાળા બજારના નાણાં ખતમ કરવાનો હતો.જો કે આરબીઆઇના અસંમત ડિરેક્ટર્સે પછી જનહિતમાં લેવાયેલું આ પ્રશંસનીય કદમ હોવાનું જણાવ્યુહતું.

નોટબંધી અગાઉ આરબીઆઇ બોર્ડની મીટીંગની મિનિટ્સ તત્કાલિન આરબીઆઇ ઉર્જિત પટેલ,તત્કાલિક ઇકોનોમિક એફેર્સ સેક્રેટરી શશિકાંત દાસની હાજરીમાં રેકોર્ડ કરાઇ હતી.બોર્ડ મીટીંગમાં એ સમયે ફાઇનેન્સિયલ સેક્રેટરી અંજુલી ચીબ દુગ્ગલ તથા આરબીઆઇ ડેપ્યુટી ગર્વનર આર.ગાંધી અને એસ એસ.મુંદ્રા સામેલ હતા.નોટબંધીની ઘોષણા વખતે વડાપ્રધાન મોદીએ કહ્યુ હતું કે નોટબંધીનો હેતુ કાળા નાણાં દુરકરાવાનો છે.અને નકલી નોટોનો નાશ કરવાનો છે. એ ઉલ્લેખનીય છે કે ૮ નવેમ્બર,૨૦૧૬ના રોજ રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની રુ.૧૫.૪૧લાખ કરોડની ચલણી નોટો સરક્યુલેશનમાં હતી.જેમાંથી ૫૦ દિવસમાં રુ.૧૫.૩૧લાખ કરોડની નોટો બેન્કોમાં પરત જમા થઇહતી. માત્ર રુ.૧૦૭૨૦કરોડની બનાવટી નોટો બેન્કીગ સિસ્ટમમાં પરત આવી નહોતી. આમ ૯૯.૯ ટકા ચલણી નોટો બેન્કોમાં જમા થતાં સરકારના કાળા નાણાંને બહાર લાવવાની કોશીશ સામે સવાલ સર્જાયો હતો. સરકાર અને આરબીઆઇ વચ્ચે છ મહિનાથી ચર્ચા ચાલી રહી હતી.

## જાણવા જેવું

સાઉદીમાં એક સ્ત્રીએ પોતાના પતિને દેખતો કરવા પોતાની એક આંખ આપી હતી, પછી પતિને એક આંખવાળી પત્ની ન ગમવાથી તેણે બીજા લગ્ન કર્યા હતા.

લુઇ સોળમા સામે ફ્રાંસમાં ક્રાંતિ થઇ હતી.તે સમયે એક શહીદની પુત્રીના ચિત્રના સોથબીન લીલામમાં સાઇઠ લાખ ડોલર ઉપજ્યા હતા.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્ક્રીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્ક્રીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# ઓગષ્ટા વેસ્ટલેન્ડ હેલીકોપ્ટર સોદાના કથિત વચેટીયા ક્રિશ્ચિયન મિશેલે દિલ્હી કોર્ટ સમક્ષ જુબાની આપી

ઓગષ્ટા વેસ્ટલેન્ડ હેલીકોપ્ટર સોદાના કથિત વચેટીયા ક્રિશ્ચિયન મિશેલે દિલ્હી કોર્ટમાં દાવો કર્યો હતો કે સીબીઆઈના પુર્વ ડીરેકટર રાકેશ અસ્થાનાએ દુબઈમાં મને મળ્યા હતા અને ધમકી આપી હતી કે જો મે સીબીઆઈનું કહેવું ન માન્યું તો તેઓ મારુ જીવન જેલમાં નર્કાગાર બનાવી દેશે. સ્પેશીયલ જજ અરવિંદકુમારની કોર્ટમાં જુબાની આપતાં તેણે કહ્યુ હતું કે તિહાર જેલમાં મને ગેગસ્ટર છોટા રાજનની બાજુની ખોલીમાં રાખવામાં આવ્યો હતો.મને સમજાતું નથી કે મે એવો તો ક્યો ગુનો કર્યો છે કે સેકડો લોકોના હત્યારા છોટા રાજનની બાજુમાં મને રખાયો છે. ૧૬-૧૭ કાશ્મીરી અલગાવવાદી નેતાઓ સાથે મને જેલમાં રાખવામાં આવ્યો છે.

સ્પે.જજ અરવિંદકુમારે દિલ્હીની તિહાર જેલમાં ઈડીને મિશેલની પુછપરછ કરવાની મંજુરી આપી છે. ઈડીને હજુ બીજા બે દિવસ મિશેલની પુછપરછ કરવાની પણ મંજુરી મળી છે.જેલમાં એક અધિકારી અને મિશેલના વકીલ હાજર રહેશે.મિશેલે કોર્ટને જણાવ્યુ હતું કે તેને તિહાર જેલમાં માનસિક યાતના અપાઈ હતી. કોર્ટે મિશેલના આ આક્ષેપની નોધ લીધી હતી.તિહાર જેલના અધિકારીઓને સીસીટીવી ફુટેજ અને મિશેલને જે આધારે હાઈ સિક્યુરીટી વોર્ડમાં ખસેડાયા તેના રિપોર્ટ સોપવાનો આદેશ આપ્યો હતો.મિશેલ પર વીવીઆઈપી હેલીકોપ્ટર સોદામાં મિશેલ પર ૨૨૫ કરોડની દલાલીનો આરોપ છે. દુબઈ પોલીસે તેની ધરપકડ કરી હતી ત્યારેથી તે યુએઈની જેલમાં હતો.

# બંધારણ ખોટું નથી પરંતુ તેને ખોટુ ઠેરવવાના પ્રયાસો થઇ રહ્યા છે :નિવૃત સુપ્રીમ કોર્ટ જજ જોસેફ કુરિયન

બંધારણ ખોટું નથી પરંતુ તેને ખોટુ ઠેરવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ભારત મેરા હૈ, મેરા ભારત મહાન આ વાક્યમાં મેરા ભારત મહાનથી કોઈને તકલીફ નથી. પરંતુ ભારત મેર હૈ કહેવાય ત્યારે પ્રોબ્લેમ થાય છે.ભારતનું બંધારણ એ પવિત્ર પુસ્તક છે.બંધારણમાં લખ્યું છે કે દરેક ધર્મ,જાતિ,લિંગના લોકોએ શાંતિ જાળવી રાખવી એ દરેકની ફરજ છે. પરંતુ આજે શું છે ? તેમ સુપ્રીમ કોર્ટના નિવૃત જજ જોસેફ કુરિયને ગુજરાત વિદ્યાપીઠમાં પોતાના વિચારો વ્યક્ત કરતાં કહ્યુ હતુ.

૧૨ માર્ચ,૧૯૩૦ના રોજદ ગાંધીજીએ સાબરમતી આશ્રમમાંથી સત્યાગ્રહની શરુઆત કરી હતી.૫મી એપ્રિલે દાંડી પહોચી હતી.સમુદ્ર કિનારે એક મુઠ્ઠી મીઠુ ઉપાડીને બ્રિટીશ કાયદાનો ભંગ કર્યો હતો.મીઠાના સત્યાગ્રહને ૯૦ વર્ષ પુરા થવા નિમિત્તો ગુજરાત વિદ્યાપીઠમાં અહિંસા અને સદ્ભાવ માટે એકજુટ ભારત વિષય પર બિનરાજકીય અને નાગરિકોની પહેલના ભાગરુપે સંમેલન મળ્યુ હતું. જેમાં વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ ઉપરાંત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.આયોજન પંચના સદ્સ્ય અને સામાજિક કાર્યકર ડો.સઈદા હમીદે કહ્યુ હતું કે ગુજરાત સાથે મારો જુનો નાતો છે. હું કાશ્મીરની વતની છું પરંતુ હુ મારા વતનમાં ગઈ નથી તેના કરતાં વધારે ગુજરાતમાં આવી છું. આ દેશ કોનો છે ? ગાંધીનો કે ગોડસેનો ? આજકાલ જે સમાચાર આવે છે તે હેરાન કરનારા છે.


## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# કોગ્રેસે લોકસભાની ચુંટણી પ્રચારનું રણશીંગુ અમદાવાદથી ફુક્યું

૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં પ્રચારનું રણશીગું અમદાવાદ ખાતેથી રાહુલગાંધી ફુક્યું હતું. સીડબ્લયુસી મીટીંગ બાદ અડાલજ ત્રિમંદિર ખાતે રાહુલ ગાંધીએ જંગી જાહેર સભાને સંબોધી હતી. આ સભામાં ભારે જન મેદની ઉમટી પડી હતી.રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, સોનિયા ગાંધી, પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ સહિતના ઉચ્ચ નેતાઓ પહેલી વાર જોવા મળ્યા હતા. રાહુલ ગાંધીએ જાહેરાત કરતાં કહ્યુ હતું કે ૨૦૧૯માં કોગ્રેસની સરકાર આવશે તો દેશભરમાં મીનીમમ ઈન્કમ ગેરંટી યોજના લાગુ કરશે.સરકાર દરેક નાગરિકના બેન્ક એકાઉન્ટમાં સીધા નાણાં આપશે.

રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે ચુંટણીમાં સચ્ચાઈની જીત થશે. મોદી તથા નફરતની હાર થશે. દાંડીમાર્ચના ઐતિહાસિક દિને ગાંધી આશ્રમની મુલાકાતને યાદ કરીને કહ્યુ હતું કે મહાત્મા ગાંધીએ અને ગુજરાતે આ દેશ બનાવ્યો છે.જો કે આજે દેશમાં માત્ર નફરત ફેલાવવામાં આવી રહી છે. દેશમાં બે વિચારધારાની લડાઈ છે. સાચા મુદ્દાની કોઈ વાત કરતું નથી. દેશમાં પહેલી વાર સુપ્રીમ કોર્ટના જજોને મીડીયા પાસે આવીને જનતા પાસે ન્યાય માંગવો પડ્યો.દેશની સંસ્થાઓ પર આક્રમણ થઈ રહ્યું છે.ગુજરાતમાં ખેડુતોના દેવા માફ થઈ શક્યા નથી.મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાંકોગ્રેસ સરકારે બે દિવસમાં ખેડુતોના દેવા માફ કર્યો છે.મોદી સરકાર પાસે ૧૫ ઉદ્યોગપતિઓના ૩.૫ લાખ કરોડ માફ કરવા માટે પૈસા છે પણ ખેડુતોના દેવા માફ કરવા પૈસા નથી.જીએસટી,નોટબંધીએ સરકારની નિષ્ફળતા છે.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ એ. એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# ચોરાયેલા રફાલ પેપર્સ પરના દાવા અંગેનો ચુકાદો સુપ્રીમે અનામત રાખ્યો



રફાલ સોદા અંગેના કેસમાં પોતાના ચુકાદા અંગે પુનઃ વિચારણા કરવાની માંગ કરતી અરજીઓ અંગેની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે લીક દસ્તાવેજો પર કેન્દ્રના વિશેષાધિકારના દાવા અંગેના ઓર્ડર અનામત રાખ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યુ છે કે રફાલ ડીલના તથ્યો પર લક્ષ આપતાં પહેલાં તે કેન્દ્ર સરકાર દ્વારા ઉઠાવાયેલા પ્રારંભિક વાંધાઓ પર નિર્ણય કરશે.વાસ્તવમાં કેન્દ્રએ રફાલ યુધ્ધ વિમાનો સબંધિત દસ્તાવેજો પર વિશેષાધિકારનો દાવો કર્યો છે અને સુપ્રીમ કોર્ટને કહ્યુ હતું કે એવીડન્સ એક્ટની કલમ ૧૨૩ અંતગર્ત કોઈપણ સબંધિત વિભાગની મંજુરી વિના તેને રજુ કરી શકાય નહીં. એટર્ની જનરલ વેણુ ગોપાલે કહ્યુ હતું કે કોઈપણ રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંકળાયેલા દસ્તાવેજો પ્રકાશિત કરી શકે નહીં અને રાષ્ટ્રની સુરક્ષા સર્વોપરિ છે. વકીલ પ્રશાંત ભુષણે કોર્ટને કહ્યુ હતું કે રફાલના જે દસ્તાવેજો પર એટર્ની જનરલ વિશેષાધિકારનો દાવો કરી રહ્યા છે તે પ્રકાશિત થઈ ચુક્યા છે.અને જાહેર છે.તેમણે કહ્યુ કે આરટીઆકિયદાની જોગવાઈ કહે છે કે જનહિત અન્ય ચીજોથી સર્વોપરિ છે. અને ગુપ્તચર એજન્સીઓને સબંધિત દસ્તાવેજો પર કોઈપણ પ્રકારના વિશેષાધિકારનો દાવો કરી શકે નહી.

વકીલ પ્રશાંત ભુષણે કહ્યુ હતું કે રફાલ સિવાય અન્ય કોઈ બીજો સંરક્ષણ સોદો નથી જમાં ક્રેગના રીપોર્ટમાં કિંમતોની વિગતને સંપાદિત કરવામાં આવી હોય.ભુષણે કહ્યુ હતું કે રફાલ સોદામાં સરકારો વચ્ચે કોઈ કરાર નતી . કેમકે તેમાં ફ્રાંન્સ કોઈ સોવેરીયન ગેરંટી આપી નથી. આ મામલે સુપ્રીમ કોર્ટે ભુષણને કહ્યુ હતું કે અમે કેન્દ્રની પ્રારંભિક આપત્તિ પર નિર્ણય કર્યા પછી જ મામલાઓના તથ્યો પર વિચારીશું. ઉલ્લેખનીય છે કે ચીફ જસ્ટીસ રંજન ગોગોઈ,જસ્ટીસ સંજય કિશન કૌલ અને જસ્ટીસ કે એમ.જોસેફની પીઠ સમ૭ કેન્દ્ર તરફથી એટર્ની જનરલ વેણુ ગોપાલે પોતાના દાવાના સમર્થનમાં એવીડન્સ એક્ટની કલમ ૧૨૩ અને આરટીઆઈ એક્ટની જોગવાઈઓનો હવાલો આપ્યો હતો.

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

સેક્સી સ્ટાર ડેની મુરને સ્ટ્રીપ્ટીઝમાં કામ કરવા માટે છત્રીસ કરોડ રુપીયા મળેલા છે.


## AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.